

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*થાકી ગૈ છે નિષ્ઠાની ઘોડી યુદ્ધ હરાવે છે,*
*પ્રધાનો પણ પ્રચાર પેંગડામાં પગ ભરાવે છે,*
*ચરાવે છે ચૌટે ચૂંટણીઓ હવે પદ-ગૌરવને -*
*મરતાં જાય છે મૂલ્યો ને અનેક પાપો કરાવે છે.*

### હાઈકુ

*નામ બદલો!*
*'કલ્ચરલ શેરી' - ને*
*લ્યો ગરબા!*

*સરકારના*
*કાયદા અનુસરી -*
*ને કાઢો ઢેકા !*

### ચિંતન

*વિશ્વાનિ દેવ સચિતર્દુરિતાનિ પરા સુવ*
*યદ્ ભદ્રં તન્ન આ સુવ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

હે સમગ્ર વિશ્વના પ્રકાશક અને ઉત્પન્ન કરવાવાળા દેવ, અમારા બધા પાપોને પાપમયી વાસનાઓને અમારાથી દૂર કરો અને સંસારમાં જે કાંઈ ભદ્ર છે, અમારા માટે જે કાંઈ કલ્યાણકારી છે એવા ઉત્તમ શ્રેષ્ઠ ગુણો અમને પ્રાપ્ત કરવો.

ત્યાગમય, તપોમય જીવન જીવનારા મંત્રદેષ્ટા ઋષિઓના આ પાવનકારી સહજ ઉદ્ગાર છે. આ સ્તવન કોઈ સામાન્ય કવિ કે ગ્રંથકારની રચના નથી. પરંતુ ભગવાનમાં અતિમગ્ન થયા પછી ઋષિઓના હૃદયની સાચી સંવેદના અને અનુભૂતિ છે.

સ્તવનની મહત્ત્વની વાત એ છે કે માનવી શક્તિઓ સીમિત છે. જીવનના સંઘર્ષોમાં ટકી રહેવા તેને સામર્થ્યની જરૂર પડવાની. તેથી માનવી અતિદ્રિંય શક્તિનો સહારો લેવા પ્રેરાય છે.

ભગવાનના સ્વતનનો એક જુદો જ ભાવ છે કે 'અમે જે કાંઈ કરી શકીએ એ તમારા લીધે છે. તમારા લીધે તો અમારું અસ્તિત્વ છે.' એવા કૃતજ્ઞતાના ભાવની એમાં અભિવ્યક્તિ છે.

### સુવિચાર

- નથી પાપ, નથી પુણ્ય, નથી સદ્ગુણ, જે તે કેવળ અજ્ઞાન છે - **સ્વામી વિવેકાનંદ**
- જ્ઞાનને ઘમંડ હોય છે કે હું કેટલું બધું જાણું છું, જયારે ડહાપણમાં વિનમ્રતા હોય છે કે હું માત્ર આટલું જ જાણું છું - **વિલિયમ કૂપર**
- તમે અન્યાય કરે તેને તું ક્ષમાકર, તારી બુરાઈ કરે તેનું તું ભલું કર - **મહંમદ પેગંબર**
- હૃદય કૉલેસ્ટ્રોલથી ભરાય ત્યારે ખિસ્સુ પણ ભરેલું હોવું જોઈએ, આ કારણથી જ ખિસ્સુ બરાબર હૃદયની ઉપર રાખવામાં આવે છે - **રતિલાલ બોરીસાગર**
- સોગંધ પરથી આપણને માણસોનો વિશ્વાસ નથી આવતો, પણ માણસ પરથી સોગંધ પર વિશ્વાસ આવે છે - **ફિન્લે પિટર**
- દુઃખને કોઈની જરૂર નથી, પણ સુખને પૂરું માણવું હોય તો તમારી સાથે કોઈ ભાગીદાર હોવો જોઈએ - **માર્ક ટ્વેઈન**
- આજનું ઔષધ : બે ચમચી આમળા ચૂર્ણમાં એક ચમચો મધ મેળવી સવાર-સાંજ ચાટવાથી અસ્થમામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજકોટના રાજા સર લાખાજીરાજ પ્રજાવત્સલ અને દયાળું હતા. તેમના શાસન દરમિયાન રાજકોટ પંથકમાં મરકીનો રોગચાળો ફાટી નીકળેલો. એક રાત્રે રાજા ખુદ ગુપ્તવેશે નગરચર્યા માટે નીકળ્યા. મધરાતે એક ઘરમાં દીવો બળતો જોઈ રાજા તે ઘરમાં તપાસ કરવા ગયા. જોયું તો ઘરડાં ડોશીમાં જાગતા બેઠા હતા. રાજાએ પૂછ્યું : 'માજી ! ઊંઘ નથી આવતી ?' માજી બોલ્યા : 'મચ્છરનો બહુ ત્રાસ છે. પણ મચ્છરદાની લાવવાના પૈસા કયાં છે?' રાજાએ પોતાની સાથે લાવેલા સિપાઈને કહ્યું, 'તું અત્યારે ને અત્યારે બજારમાં જા અને કાપડિયા ને ઉઠાડીને એક મચ્છરદાની લઈ આવ અને માજીના ખાટલા ઉપર બાંધી આપ.' સિપાઈએ કહ્યું, 'મહારાજ, અત્યારે દુકાનો બંધ હોય ત્યાં મચ્છરદાની ક્યાંથી લાવું ?' રાજાએ કહ્યું, 'તું અત્યારે જ મહેલમાં જા અને મારા પલંગ ઉપર બાંધેલી મચ્છરદાની છોડી લેતો આવ અને આ માજીના ખાટલે બાંધી દે.' સિપાઈ ગયો અને રાજાના પલંગમાં બાંધેલી મચ્છરદાની લઈ આવ્યો. રાજાએ કહ્યું, 'હવે તો આપને મચ્છર હેરાન નહીં કરે ને?' માજીએ કહ્યું, 'તમારા જેવા દયાળુ રાજા હોય ત્યાં મચ્છરનો ભય ક્યાંથી હોય ?'

# કોંગ્રેસના આત્મઘાતી નિર્ણયો


**તંત્રીસ્થાનેથી...**

એક સાંધે ત્યાં તેર તૂટે એવી વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલ કોંગ્રેસ માટે હવે ૨૦૨૪ સુધીમાં સત્તાનાં સપનાં જોયા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી. જૂની પાર્ટી તરીકે અને દેશની આશરે બસો જેલી સંસદની બેઠકોમાં પ્રાદેશિક પક્ષો પાસે કોઈ જનાધાર જ નહીં હોવાનું ગણિત બતાવી તે પોતાની અનિવાર્યતાનાં ગાણાં ગવડાવે છે. કન્હૈયા કુમાર પણ નવજોત સિદ્ધુ જેવો વાચાળ યુવાનેતા છે. એની પાછળ કોઈ જનાધાર નથી. બિહારનાં જાતિવાદી સમીકરણોમાં એની ભૂમિહાર જાતિ આર્થિક રીતે સધ્ધર છે અને લગભગ સાગમટે ભાજપ તરફી રહી છે. બલકે કહી શકાય કે બિહારમાં ભાજપને સૌથી મજબૂત સમર્થન હોય તો તે ભૂમિહારોનું છે જે દલિતો - પીડિતો - વંચિતો સામે પોતાની જમીનદારીના રક્ષણ માટે 'રણવીર સેના' જેવું સંગઠન ધરાવે છે. નવજોત સિધ્ધુએ તો એનું પોત પૂરેપૂરું પ્રકાશી દીધું છે. એને મુખ્યમંત્રી પદથી ઓછું કંઈ જ ખપતું નથી. એણે વારંવાર વાવટા બદલ્યા છે અને શાયરી ફટકારીને છવાઈ જવાની કોશિશ કરી છે. વરિષ્ઠ નેતા અમરિંદરસિંહને નારાજ કરીને ગાંધી પરિવારે પંજાબ કોંગ્રેસને સાવ જ પાંગળી બનાવી દીધી છે. હવે અમરિંદરસિંહે અમિત શાહ કે મોદી સાથે સાંઠગાઠ કરી વેરની વસૂલાત કરે તો ભાગ્યે જ કોઈ એમના એ કૃત્યની ટીકા કરી શકશે. એમને રીતસર હડધૂત કરીને પાર્ટીએ ભાજપ તરફી વલણ અપનાવવા મજબૂર કર્યા છે. અત્યાર સુધી એ ભાજપ સામે અડીખમ દીવાલ બનીને ઊભા હતા. ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીને અમૃતસરની બેઠક પર હરાવીને એમણે પોતાની ક્ષમતાનું નિદર્શન કર્યું હતું એટલું જ નહીં, એમણે વર્ષોથી પંજાબ પર ધાર્મિક પકડ જમાવી રાખનાર અકાલી દળને પણ ભોંય ભેંગુ કરી દીધું હતું. હવે એ જ 'પટિયાલા નરેશ'ને આપણા ગુજરાતી નેતાઓના બંગલાઓમાં આંટાફેરા મારવા પડે તે કેવું લાગતું હશે ? પણ જેમને પોતાનાં બાળકો સમાન ગણેલાં અને અઠંગ વફાદારી પૂર્વક જેની સાથે રહેલા એ જ ગાંધી પરિવારે એમની આવી દુર્દશા કરી છે એમને સમજાવી પટાવીન સંગઠનની રાષ્ટ્રીય કક્ષાની જવાબદારી સોંપી શકાયી હોત. રાહુલ ગાંધી કરતાં તેઓ વધુ સારા અધ્યક્ષ પુરવાર થઈ શકે એમ હતા. પરંતુ 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' - ન્યાયે ગાંધી પરિવાર કોંગ્રેસના હાઈકમાંડમાં બીજા કોઈને ઘૂસવા દેવા માગતો જ નથી. કપિલ સિબ્બલ અને ગુલામનબી આઝાદ વારંવાર કોંગ્રેસની કારોબારીની બેઠક બોલાવી રાષ્ટ્ર્ય અધ્યક્ષની નિમણૂકની માગણી કરતા રહ્યા છે. સોનિયા-રાહુલ-પ્રિયંકા એવી કોઈ પળોજણમાં પડ્યા વગર જેમ ચાલે છે તેમ ચાલવા દેવામાં શ્રેય માની રહ્યાં છે. કપિલ સિબ્બલે પોતે કે જી-૨૩ નામે ઓળખાતાં કોંગ્રેસી નેતાઓ જી હજૂરિયા નથી એવી વાત કરી તો એમના ઘર પર હુમલો કરાવાય, એમની ગાડીની તોડપોડ કરાઈ. સિબ્બલ અને મનીષ તિવારીએ સરહદી રાજય પંજાબને રેઢું ન મૂકી દેવાય એવી કેપ્ટન અમરિંદરસિંહની વાતમાં સૂર પુરાવ્યો છે. હવે કેપ્ટન તો ચુપચાપ ભાજપ સાથે સાંઠગાંઠ કરીને કેન્દ્રનું કેબિનેટ મંત્રીપદ મેળવી લેશે અને કિસાન આંદોલન મુદ્દે પણ મધ્યસ્થી કરી મોદીને મદદરુપ બનશે, પરંતુ સામે ચાલીને મોદીને આવડા મોટા નેતાની ભેટ ધરનાર ગાંધી પરિવાર વિશે શું કહેવું ? પંજાબને પગલે છત્તીસગઢમાં પણ સત્તા પરિવર્તનની માગણીએ જોર પકડેલું જ છે. ભાજપ માટે આ બધી લાભદાયી પરિસ્થિતિનો સર્જક છે ગાંધી પરિવાર. પંજાબમાં ભાજપ પાસે કોઈ નેતા જ નહોતો જે સામે ચાલીને સોનાની તાસકમાં ધરી દેવાયો છે. નાટકિયાં, વાચાળ અને કશા જ પાયા વગરનાં છોકરડાંને આગળ ધરીને કોંગ્રેસે કેટલી ટકી શકશે તે પ્રશ્ન છે. કન્હૈયાકુમારે તો આતંકી અફઝલ ગુરુને સમર્થન આપ્યું હતું. ગુજરાતમાં દલિત નેતાગીરી નરસિંહ મકવાણા કે યોગેન્દ્ર મકવાણા જેવા ધુરંધર નેતાઓના સમયમાં પણ લોકસ્વીકૃતિ નહોતી પામી તે શું જિજ્ઞેશ જેવા સવર્ણ વિરોધી ચળવળિયાને કારણે શક્ય બનશે ? પંજાબમાં પણ જાટ નેતાગીરી જ ચાલી શકે. ચન્નીના ચણા પણ ન આવે.

# ગીતા, ગાંધીજી, સ્ટ્રોમિયર

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા






(૧) ઈ.સ. ૧૮૮૮- ૮૯'. મહાત્મા ગાંધીજી પહેલી વાર ભગવદ્ ગીતાનાં સંપર્કમાં આવ્યા. એમણે ગીતાનો પદ્યમય અનુવાદ વાંચ્યો. તે સર એડવીના આર્નોલ્ડનાં હતો. પછી એમની ઉત્કંઠા વધી.

(૨) પોતાના સમયમાં ગીતાના ગુજરાતી અનુવાદો થયાં હતા. એ એમણે વાંચ્યા. પરંતુ એમને સંતોષ થતો ન હતો. આથી એકવાર સ્વામી આનંદે એમને આગ્રહ કર્યો. 'તમે તમારી રીતે ગીતાનો અનુવાદ કરો અને તેની સમજૂતી આપો. તમારું ગીતા - દર્શન સામાન્ય લોકોને ઉપયોગી થશે.'

(૩) ગાંધીજીને એકવાર જેલવાસ થયો. એ વખતે લોકમાન્ય તિલક જેલમાં જ હતા. 'ગીતારહસ્ય'ની રચના કરી હતી; આ ગ્રંથ એમણે ગાંધીજીને આપ્યો. એનાથી ગાંધીજીને ગીતાના સઘન અભ્યાસની અનુકૂળતા થઈ.

(૪) એકવાર ગાંધીજીએ થોડો સમય રાજકીય જીવનમાંથી નિવૃત્તિ લીધી. એટલે એ અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં આવ્યા. ત્યાં એમણે 'ગીતાસત્ર' શરૂ કર્યું. આશ્રમમાં સવારની પ્રાર્થના થઈ જાય, પછી રોજેરોજ ક્રમશઃ ગીતાનો એક શ્લોક લે, અને એનો ગુજરાતી અનુવાદ કરે. પછી એ શ્લોકની પોતાની રીતની સમજૂતી આવે. એકદમ સરળ ભાષામાં તદ્દન સામાન્ય લોકો સમજી શકે એ રીતે, જાણે કે વાત કરે. એમાં સામાન્ય જનજીવનનાં ઉદાહરણો આપતા જાય. આ રીતે એમનું 'ગીતાસત્ર' પૂરું થયું.

(૫) એ બોલતા હોય, ત્યારે મહાદેવભાઈ દેસાઈ એની નોંધ કરતા જાય. આવી નોંધ બીજા એક આશ્રમવાસી પૂંજાભાઈ પણ કરતા. (૬) આને આધારે ઈ. ૧૯૨૯માં આનું પ્રકાશન થયું. એમાં ગાંધીજીએ પોતાની પ્રસ્તાવના ઉમેરી. આ બધી સામગ્રી એમણે વિનોબા ભાવે, કાકા સાહેબ કાલેલકર અને કિશોરીલાલ મશરુવાળાને જોઈ નવા આવેલી.

(૭) ઈ.સ. ૧૯૪૬માં આનો અંગ્રેજી અનુવાદ મહાદેવભાઈ દેસાઈએ કર્યો. નવજીવને પ્રકાશિત કર્યો.

(૮) ભારત સરકારના પ્રકાશન વિભાગે અંગ્રેજીમાં ગાંધીગ્રંથોનું પ્રકાશન કર્યું છે. ઈ.સ. ૧૯૬૯માં ૩૨માં વોલ્યુમમાં આનો સમાવેશ કર્યો છે. 'ડિસ્કોર્સિઝ ઓન ધ ગીતા' - ગીતા વિશેના વ્યાખ્યાનો.

(૯) બર્કલે યુનિવર્સિટી, કેલિફોર્નિયામાં જહોન સ્ટ્રોમિયર છે. એ ગાંધી સાહિત્યના અધિકૃત વિદ્વાન છે. એમણએ ચાર ગાંધી ગ્રંથોનું સંપાદન કર્યું છે.

(૧૦) જહોન સ્ટ્રોમિયરે તાજેતરમાં આ ગીતા વ્યાખ્યાનોનું સંપાદન કર્યું છે. ભારત સરકાર દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનોને પશ્ચિમના જિજ્ઞાસુ વાચકનાં હાથમાં મૂક્યા છે. વ્યાખ્યાનોને ગ્રંથનું સ્વરુપ આપવા માટે, જે ફેરફાર કરવા પડે, એ કર્યા છે. પરંતુ એનાથી ગાંધીજીનાં ગીતાદર્શનને સહેજ પણ આંચ ન આવે, એવી કાળજી લીધી છે. ડૉ. મિશેલ નાગલેરે આ ગ્રંથની પ્રસ્તાવના લખી છે. તેઓ પણ આ યુનિવર્સિટીના પ્રોફેસર છે. પુસ્તકનો નામ આપ્યું છે. 'ભગવદ્ ગીતા - અકોર્ડિંગ ટુ ગાંધી' ગાંધીજીનો ફોટો છે, એ વિઠ્ઠલભાઈ ઝવેરીએ પાડેલો છે. ગ્રંથનું પ્રકાશન બર્કલે, કેલિફોર્નિયા નોર્થ એટ્લાન્ટિક બૂક દ્વારા, ઈ.સ. ૨૦૦૦માં થયું છે. ઈ.સ. ૨૦૦૯માં આની બીજી આવૃત્તિ થઈ છે.

આ બધું જોઈએ ત્યારે ગૌરવ સાથે આશ્ચર્યની લાગણી અનુભવાય છે.

# યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન અને સભ્યોની નિયુક્તિ કોણ કરે છે?



ખજાનો
અનિલ પટેલ

## ભારતની રાજનીતિ

૧ કેન્દ્ર અને રાજયો વચ્ચે ઊભા તતા નાણાંકીય વિવાદો ઉકેલવા માટેની મુખ્ય એજન્સી કઈ છે?
(અ) સુપ્રીમ કોર્ટ (બ) યોજના આયોગ
(ક) નાણાપંચ (ડ) આંતરરાજય પરિષધ

૨ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમાં કોણ કામગીરી સંભાળે છે?
(અ) લોકસભા અધ્યક્ષ (બ) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(ક) વડાપ્રધાન (ડ) એટર્ની જનરલ

૩ નીચેનામાંથી કયા રાજયમાં વિધાન પરિષદ નથી?
(અ) ગુજરાત (બ) ઉત્તરપ્રદેશ
(ક) બિહાર (ડ) મહારાષ્ટ્ર

૪ લોકસભાના સચિવાલય પર કોનું નિયંત્રણ હોય છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) લોકસભાના અધ્યક્ષ

૫ નીચેનામાંથી કોણ પ્રથમ વખત રાજય સભાના અધ્યક્ષ બન્યા હતા ?
(અ) ડૉ. રાધાકૃષ્ણન (બ) ગણેશ માવળંકર
(ક) બલવંત સિંહ (ડ) જયપ્રકાશ નારાયણ

૬ રાજયસભાનું વિસર્જન કોણ કરી શકે?
(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) કોઈ નહીં

૭ રાષ્ટ્રપતિ દ્વારા બહાર પડાતા વટહુકમની સંસદ દ્વારા કેટલા સમયમાં મંજુરી લેવી પડે છે?
(અ) ૩ માસ (બ) ૬ માસ
(ક) ૯ માસ (ડ) ૧૨ માસ

૮ ભારતના પ્રથમ ચીફ જસ્ટીસ કોણ હતા ?
(અ) એમ હિદાયતુલ્લા (બ) એચ. એન. ભગવતી
(ક) શ્રી વૈંકટ ચૈલૈયા (ડ) એચ જે કાણીયા

૯ રાજયના વહીવટી વડા કોણ છે?
(અ) સ્પીકર (બ) મુખ્યમંત્રી
(ક) ચીફ સેક્રેટરી (ડ) રાજયપાલ

૧૦ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન અને સભ્યોની નિયુક્તિ કોણ કરે છે?
(અ) નાણાંપંચ (બ) આયોજન પંચ
(ક) રાષ્ટ્રપતિ (ડ) વડાપ્રધાન

૧૧ ભારતના રાષ્ટ્રપતિના હોદ્દા માટે વ્યક્તિ કેટલી વકત ચુંટાઈ શકે?
(અ) એક મુદ્દત (બ) બે મુદ્દત
(ક) ત્રણ મુદ્દત (ડ) ગમે તેટલી મુદ્દત

૧૨ ભારતની સૌપ્રથમ બેંક કઈ હતી ?
(અ) ઈમ્પીરીયલ બેંક (બ) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા
(ક) સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર (ડ) બેન્ક ઓફ હિન્દુસ્તાન

૧૩ વિદેશી આક્રમણ વખતે લડાઈ ચાલુ કરવાનો આદેશ કોણ આપે છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સંરક્ષણ પ્રધાન (ડ) આર્મી ચીફ

૧૪ ભારતમાં રાષ્ટ્રીય સંવતના રૂપમાં કઈ સંવતને માન્યતા આપવામાં આવી છે?
(અ) વિક્રમ સંવત (બ) શક સંવત
(ક) કોતલમ સંવત (ડ) ગુપ્ત સંવત

૧૫ કટોકટીની જાહેરાત ને સંસદ દ્વારા કેટલા સમયમાં અનુમોદન મેળવવું અનિવાર્ય છે?
(અ) ૧૪ દિવસ (બ) ૨૦ દિવસ
(ક) ૩૦ દિવસ (ડ) ૬૦ દિવસ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૧ ઓકટોબર : સિનિયર સિટીઝન ડે / રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ
  - હોમરુલના પ્રણેતા, થિયોસોફિકલ સોસાયટીના સ્થાપક એની બેસન્ટનો જન્મદિવસ (૧૯૪૭)
  - મેટ્રીક તોલમાપ દેશમાં સત્તાવાર રીતે દાખલ કરવામાં આવ્યું (૧૯૬૦)
  - સચિન દેવ બર્મનનો જન્મદિવસ (૧૯૦૩)
  - ચીનમાં 'પીપલ્સ ઓફ રીપબ્લિક ઓફ ચાઈના'ની સ્થાપના થઈ (૧૯૪૯)
- ૨ ઓકટોબર : વિશ્વ અહિંસા દિવસ
  - મહાત્મા ગાંધીનો જન્મદિવસ (૧૮૬૯)
  - પુલિત્ઝર એવોર્ડથી સન્માનિત ઓગસ્ટ વિલ્સનનું ૬૦ વર્ષની વયે અવસાન (૨૦૦૫)
  - મિસ યુનિવર્સ બનનારી પહેલી ભારતીય પર્સિસ ખંભાતાનો જન્મદિવસ (૧૯૪૮)
  - લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મદિવસ (૧૯૦૪)
- ૩ ઓકટોબર : વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે
  - બાળ સાહિત્યકાર અમૃતલાલ વેગડની જન્મજયંતિ (૧૯૨૮)
  - ઈટાલીયન સંત ફ્રાન્સીસ ઓફ એસીસનો જન્મદિવસ (૧૧૮૨)
  - શાંતિ માટેનું નોબલ પુરસ્કાર મેળવનાર જર્મન પત્રકાર પાર્સિફીસ્ટ કાર્લ વોન એસીત્ઝેસ્કીનો જન્મદિવસ (૧૮૮૯)
  - બ્રિટને તેના પ્રથમ પરમાણું બોમ્બનું પરીક્ષણ કર્યું (૧૯૫૨)
- ૪ ઓકટોબર :
  - ક્રાન્તિવીર શ્યામજી કૃષ્ણવર્માનો જન્મદિવસ (૧૮૫૭)
  - સોવિયેટ યુનિયન દ્વારા સ્પુટનિક-૧ ઉપગ્રહ છોડ્યો (૧૯૫૭)
  - મશહૂર અમેરિકન એકટર ચાર્લ્સન હિસ્ટનનો જન્મદિવસ (૧૯૨૩)
  - અમેરિકાના ૧૯મા રાષ્ટ્રપ્રમુખ રૂથરફોર્ડ બી. હેથનો જન્મદિવસ (૧૮૨૨)
- ૫ ઓકટોબર :
  - ગાંધીજીના અંતેવાસી કિશોરલાલ મશરુવાળાનો જન્મદિવસ (૧૮૯૦)
  - બેટલ ઓફ થેમ્સમાં બ્રિટીસનો પરાજય (૧૮૧૩)
  - અમેરિકન બિઝનેશ મેન એપલના સ્થાપક સ્ટીવ જોબનું ૫૬ વર્ષની વયે અવસાન (૨૦૧૧)
  - અમેરિકન પ્રેસીડેન્ટ બિલ ક્લિન્ટન સામેની ઈમ્પીચમેન્ટ દાખલ કરાઈ તે માન્ય રખાઈ. (૧૯૯૮)
- ૬ ઓકટોબર :
  - વિતેલા જમાનાના ફિલ્મ અભિનેતા વિનોદ ખન્નાનો જન્મદિવસ (૧૯૪૬)
  - કિપુર વોર, ઈજીપ્ત અને સિરિયાને ઈઝરાયેલના પવિત્ર સ્થળ થોમ કિપુર પર હુમલો કર્યો (૧૯૭૩)
  - ભારતીય વૈજ્ઞાનિક મેઘનાદ સહાનો જન્મદિવસ (૧૮૯૩)
  - ઈજિપ્તના રાષ્ટ્રપ્રમુખની હત્યા થઈ (૧૯૮૧)
- ૭ સપ્ટેમ્બર
  - મૃણાલીની દેસાઈનો જન્મદિવસ (૧૯૨૭)
  - ફાસ્ટ બોલર ઝહીર ખાનનો જન્મદિવસ (૧૯૭૮)
  - અમેરિકન અને બ્રિટીસ સૈનિકોએ તાલીબાનો પર પ્રથમ વખત હુમલાઓ શરૂ કર્યા. (૨૦૦૧)
  - રશિયાના પ્રાઈમ મિનિસ્ટર વ્લાદિમીર પુતિનનો જન્મદિવસ (૧૯૫૨)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પંજાબના નવ નિયુક્ત મુખ્યમંત્રીનું નામ શું છે ?

જવાબ : ચરણજીતસિંઘ ચન્ની

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) રુચિત એ પટેલ : રાંદેસણ (૨) નટુભાઈ પટેલ : પેથાપુર (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૪) રૂજિત રાવલ : સે-૭ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) અશ્વિન બી જાદવ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં પંજાબ કોંગ્રેસના પ્રમુખ સ્થાનેથી કયા નેતાએ રાજીનામું આપ્યું ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# કાગડા બધે કાળા....

# પરદેશમાં કોઈ 'અતિથિ' નથી હોતા!!!

હળવે હૈયે
પ્રકાશ લાલા



'કાગડા કાળા હોય' એ પ્રાથમિક જ્ઞાન તો આપણને બચપનથી મળી જાય છે. 'ઘરની બારીએ ચીં ચીં કરે છે તે ચકલી, પેલું ભોળું કબૂતર ને આંગણે ઊભેલા વૃક્ષ પર 'કા... કા...' કરતો બેઠો છે તે કાગડો...' એવી જાણકારી વડીલોએ સૌને આપી જ હોય. પછી બાલમંદિરમાં પંખીઓના ચાર્ટમાં કે ચોપડીમાં ટિચર બહેને કાગડો, કોયલ બતાવીને એના વિશેનું જ્ઞાન દઢ કરાવ્યું હોય ને સમજાવ્યું હોય કે દેશ શું કે પરદેશ શું - કાગડા સર્વત્ર કાળા જ હોય.



'કાગડા બધા કાળા' અને 'કાગડા બધે જ કાળા' આ બંને વિધાન સરખાં લાગતા હોવા છતાં એ જુદા અર્થમાં પ્રયોજાય છે. કાગડો કાળો હોવા સાથે ચતુર પક્ષી છે. તેથી શાતિર વ્યક્તિ, કાળાં કામ કરનાર, પિત્તળ પ્રકૃતિની વ્યક્તિ માટે કયારેક 'એ કાગડા જેવી છે' એમ કહેવાતું હોય છે. અને આવા લોકો દરેક ઠેકાણે હોવાનો એ કોઈ ચોક્કસ સ્થળ, સમાજ કે પ્રદેશમાં જ ભટકાય એવું નથી હોતું...' માટે કહેવાય છે કે 'કાગડા બધે જ કાળા!!'

આજે 'કાગડા પુરાણ' ખોલી બેસવાનું કારણ ગુડ મોર્નિંગમાં અહીં થતું 'કાગદર્શન'. અમારા દીકરાના હાઉસના મોટા 'બેકયાર્ડ' માં રોજ આવતાં પંખી-પ્રાણીની ટોળકીમાં કબૂતર ને ખિસકોલી સાથે કાગડાભાઈ પણ હોય છે.... રોજ સવારે ચણ ચણવા ચાર કબૂતરો, બે કાગડા ને બે ખિસકોલીઓ હાજર થઈ જાય છે... જો કે અહીંની ખિસકોલીઓને ખિસકોલી કહેવી એ એમનું અપમાન કરવા સમાન છે. કેમ કે અહીં અમે જયાં - જેટલી ખિસકોલીઓ જોઈ છે તે બધી જાડા-પાડા ખિસકોલા જ છે... કદાચ અહીંયા ખિસકોલીઓ 'ડાયટીંગ' કે સારી એકસરસાઈઝ મહેનત નથી કરતી હોય અથવા આળસુની પેઠે ખાઈપીને પડી રહેતી હશે એટલે તગડી હશે કે શું ? (જાણવા મળ્યા પ્રથમ આ ખિસકોલી નથી હોતી....) અમારા દીકરાએ અને ફેમેલીએ આ બધાનાં નામ પાડ્યા છે.... દગડુ, પાબ્લો, સ્વાતિ, ડી.જે. વગેરે.. વગેરે...

આ દગડુ - પાબ્લો - સ્વાતિ - ડી.જે. પછી બ્રિટીશર્સ જેવી જ ટાઈમની પંકચ્યુઅલ ને એક્યુરેટ છે... સવારે ૭.૩૦ વાગ્યે રોજ અચૂક હાજર, જાણે આપણને યાદ કરાવે કે ચણ નાખવામાં કેમ મોડા પડ્યા શ્રીમાન ?

અહીં પક્ષીઓને બધા દાણા જ ખવડાવે છે. 'બર્ડ ફિટર'માં દાણા જ નંખાય છે... કોઈ કાગડાને ગાંઠિયા નથી નાખતું !! ખબર નહીં આપણે ત્યાં જેનો ચણાનો લોટ, તેલ ને મીઠું-મસાલો ખોરાક નથી એ કાગડાઓને તબેલા ફરસાણને રવાડે ચઢાવવા પાછળ આપણો ફરસાણ પ્રેમ છે કે કોઈ અંધશ્રદ્ધા ! ગાંઠિયા ખાઈને જ તે દિવસે કાગડાઓને એવી કોઈ બિમારી લાગુ ના પડી જાય કે આ પ્રજાતિ નષ્ટ પ્રાય થાય. અહીં તો ઝૂમાં કે પાર્ક, તળાવમાં કોઈ પંખીને એના નેચરલ ફૂડ સિવાય અન્ય કોઈ ખાદ્ય પદાર્થ ખવડાવવા સામે કાનૂની મનાઈ છે.... એ એમનો પશુ-પંખી પ્રેમ છે ને આપણે જેને માતા કહીને વારંવાર પૂજીએ છીએ તે ગાયોને એંઠવાડ સાથે પ્લાસ્ટિક ખાતી જોઈ રહીએ છીએ !!

● ● ●

આપણે ત્યાં 'અતિથિ દેવો ભવ' કહેવાય છે પણ પરદેશમાં કોઈ 'અતિથિ' નથી હોતું ના, એટલે મહેમાન હોય પણ... તિથિ - વાર - સમય જણાવ્યા વિના કોઈને ત્યાં પહોંચી જનારા અતિથિ મહેમાન નથી હોતા.... અઠવાડિયા - બે અઠવાડિયા પહેલાં ડે - ડેટ - ટાઈમ ફોન પર ફિક્સ કરીને જ મહેમાનને આવવાનો - બોલાવવાનો રિવાજ.... હવે તો આપણે ત્યાંય આ દષ્ટિએ 'અતિથિ' ઓછા થતા જાય છે... કેમ કે દરેક પોતાના કામમાં, પોતાની પ્રાયોરિટીમાં વ્યસ્ત ને મસ્ત હોય એટલે 'બીન બુલાયે મહેમાન' થઈ જવામાં પૂરું જોખમ... અમે આવી પ્રજા વિશે મજાકમાં કહ્યું કે જોબ-બિઝનેસમાં બીઝી હોવાના કારણે ઘરમાં બધું અસ્તવ્યસ્ત પડ્યું હોય, ઘરમાં કદચા મહેમાનને ધરવા સરખા નાસ્તા-પાણી ય 'પૂર્ણ સ્ટોક'માં ના હોય એટલે આગોતરી જાણ કરીને, પૂરતો સમય આપીને 'ગેસ્ટ' આવે તો યજમાનના ઘરમાં બધું સાફ સૂથરું મળે ને પોતે સારો નાસ્તો કે લંચ - ડિનર પામે !!

આ તો જસ્ટ મજાક છે... બાકી 'મહેમાન જો હમારા હોતા હૈ, વો જાન સે પ્યારા હોતા હૈ...' ઉલ્ટાનાં બધાનાં બારી-બારણાં બંધ જ રહેતા હોય, માણસ જોવા ના મળ્યું હોય ત્યાં મહેમાન આવે એ ગમે જ... ને એમાં આપણાં જેવા ઈન્ડિયાથી ગયેલા ને ગુજરાતી નહીં તો છેવટે ઈન્ડિયન મહેમાન થઈને આવે તો હિંદીમાંય ગપ્પા ગોષ્ઠિ કરવાનો જલસો પડી જાય...

વળી અહીં ગેસ્ટ ખાલી હાથે ના આવે... યજમાનના ઘર માટે કંઈક ને કંઈક વસ્તુ સરસ ગિફ્ટ પૅકે કે બેગમાં લઈને જ આવે ને.... 'અરે, આવી ફોર્માલિટી ના હોય...' એવી ફોર્માલિટી સાથે લેવાઈ જાય.... અને પછી પોતે કયાંક બીજે મહેમાન બને ત્યારે એ જ ગિફ્ટ અપાઈ પણ જાય... ભાઈ, વ્યવહારમાં બધું આવું જ ચાલતું રહે, 'ગિફ્ટ'માં આવેલી 'ગિફ્ટ'ના બીજાને 'ગિફ્ટ' કરવાનો ફંડા કંઈ ખોટો નથી, જયાં સુધી પોતાને ત્યાં પડી રહેલી, ના ગમતી કે ખુદને બિન ઉપયોગી જણાતી ગિફ્ટ બીજાને ગમશે જ (કે ના ગમે તોય મારે શું ?) કહીને ધરાર પધરાવી ના દેવાય !! રાઈટ ?